GJDH090000802011	RECEIVED ON	08-07-2011
	REGISTERED ON	08-07-2011
	DECIDED ON	28-01-2021
	DURATION	DYS. MTHS. YRS
		20 06 09

દાહોદ જિલ્લાની મજુર અદાલતના કર્મચારી વળતર ધારા હેઠળ નીમાયેલા કમિશનર શ્રી ડી.જે.ચૌહાણ સમક્ષ, દાહોદ

વ.કો.(ફેટલ) અરજી નં.૧૨/૨૦૧૧
આંક–

અરજદાર:– ગુજરનાર ફતિયાભાઈ વીરસીંગભાઈ માળીની વિધવા
(૧) રીમાબેન ફતિયાભાઈ માળી
(૨) સંગીતાબેન ફતિયાભાઈ માળી, પુત્રી
(૩) લક્ષ્મીબેન ફતેસિંહ માળી, પુત્રી
(૪) વિક્રમભાઈ ફતેસિંહ માળી, પુત્ર
(૫) સુકાભાઈ ફતેસિંહ માળી, પુત્ર
(૬) રાધાબેન ફતેસિંહ માળી, પુત્રી
(૭) વિરસિંહભાઈ ગુમજીભાઈ માળી, પિતા
(૮) જુમાબેન વીરસીંગભાઈ માળી, માતા
મું. સાલાપાડા, તા.દાહોદ, જી.દાહોદ

વિરૂધ્ધ

સામાવાળા:– (૧) નારણભાઈ ધનજીભાઈ દેસાઈ
વ્રજનામ સોસાયટી, બ્લોક નં.૩, બંગલા નં.૬૭,
અમીત ટાવર પાસે, વેજલપુર, અમદાવાદ
(૨) ધી ન્યુ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની લી.(આંક–૧૨ ના હુકમથી પક્ષકાર તરીકે જોડયા)
પ્રભારોડ, બી.બી.ગાંધી પેટ્રોલ પંપની બાજુમાં,
ગોધરા, જી.પંચમહાલ.
(૩) સર્વ શાંતિ પ્રોપરાઈટર પ્રા.લી. (આંક–૩૪ ના હુકમથી પક્ષકાર તરીકે જોડયા)
સિધ્ધિ વિનાયક ટાવર્સ, ડી.સી.પી.ઓફીસ પાછળ,
એસ.જી.હાઈવે, મકરબા, અમદાવાદ

હાજર રહયા :– અરજદારો તરફે વિ.પ્રતિનિધિ શ્રી એસ.આર.બારીઆ
સામાવાળા નં.૧ તરફે વિ.વ.શ્રી પી.પી.ઝવેરી
સામાવાળા નં.૨ તરફે વિ.વ.શ્રી એમ.આર.શ્રીવાસ્તવ
સામાવાળા નં.૩ તરફે વિ.વ.શ્રી પી.એફ.ઝવેરી

–:: હુકમ ::–

(૧) સદર અરજી આ કામના અરજદારોએ કામદાર વળતર ધારો–૧૯૨૩ કે જે હવે કર્મચારી વળતર ધારા તરીકે ઓળખાય છે (કે જેને હવે પછી કાયદા તરીકે ઉલ્લેખવામાં આવશે.) ની જોગવાઈઓ હેઠળ દાખલ કરી ફતેસિંહ વીરસીંગભાઈ માળીનું સામાવાળા નં.૧ અને ૩ ની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે થયેલ અકસ્માત ઈજાના કારણે મૃત્યુ થયેલ છે તેમ જણાવી તેના વળતરની રકમ રૂા.૭,૩૮,૯૭૫/– વ્યાજ, ખર્ચ અને પેનલ્ટી સહિત સામાવાળાઓ પાસેથી વસુલ અપાવવા દાદ માંગેલ છે.

(૨) અરજદારોની અરજીની વિગત ટુંકમાં એવી છે કે, અરજદાર નં.૧ ના પતિ તથા અરજદાર નં.૨ થી ૬ ના પિતા અને અરજદાર નં.૭,૮ ના પુત્ર ફતેસિંહ વીરસીંગ માળી સામાવાળાના ત્યાં કડીયા તરીકે દૈનિક રૂા.૨૫૦/– ના પગારથી કામ કરતા હતા. તા.૧૩/૧૦/૨૦૦૯ રોજ સામાવાળાની સુચના મુજબ સિધ્ધિ વિનાયક ટાવર્સની બાજુમાં, મેદાદુમ સ્કુલ પાસે, મકરબા ગામે ધાબું ભરતા હતા ત્યારે પહેલા માળેથી નીચે પડી જતાં તેઓને અકસ્માત ઈજાઓ થયેલી. જેથી સારવાર માટે તા.૧૪/૧૦/૨૦૦૯ ના રોજ અમદાવાદ સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવેલા, જયાં સારવાર દરમ્યાન તા.૧૭/૧૦/૨૦૦૯ ના રોજ અવસાન થયેલું. બનાવ બાબતે ઈન્કવેસ્ટ પંચનામું, બનાવવાળી જગ્યાનું પંચનામું અને ગુજરનારનું પી.એમ. થયેલુ છે. અકસ્માત સમયે ગુજરનારની ઉંમર ૩૫ વર્ષની હોઈ રોજના રૂા.૨૫૦/– પગાર લેખે, ૩૦ દિવસના રૂા.૭૫૦૦/– ની ૫૦% રકમ રૂા.૩૭૫૦/–ને સંબંધીત ગુણાંક ૧૯૭.૦૬ વડે ગુણતાં રૂા.૭,૩૮,૯૭૫/– વળતરની રકમ આવે છે, જે સામાવાળાએ આપેલ ન હોઈ માંગ્યા મુજબની દાદ અપાવવા જણાવેલું છે.

(૩) આ કામે અરજદારોએ અરજી કરી તે સમયે અરજીમાં સામાવાળા તરીકે માત્ર નારણભાઈ ધનજીભાઈ દેસાઈને પક્ષકાર તરીકે દર્શાવેલ હતા. તેઓશ્રીએ આંક–૧૨ થી અરજી રજુ કરી સામાવાળા નં.૨,૩ ને પક્ષકાર બનાવવા દાદ માંગેલ, જેમાં હુકમ કરી વીમા કંપનીને પક્ષકાર તરીકે જોડવાનો હુકમ કરવામાં આવેલો છે.

(૪) સામાવાળા નં.૧ નાએ આ કામે તા.૦૭/૦૯/૧૯ ના રોજ જુબાનીનું સોગંદનામું રજુ કર્યા બાદ આંક–૫૬ ની અરજી આધારે આંક–૫૭ થી પોતાનો લેખિત જવાબ તા.૨૧/૦૯/૧૯ ના રોજ રજુ કરેલો છે. તેઓએ તેમના લેખિત જવાબમાં અરજદારોએ તેમને કેસ કરતા અગાઉ નોટીસ આપેલ ન હોઈ અને અરજદારો ગુજરનાર રવીભાઈ ધીરૂભાઈ પંચાલના કાયદેસરના વારસો હોવાનું પુરવાર થતુ ન હોઈ અને ગુજરનાર અને તેમના વચ્ચે કામદાર–માલિકના સંબંધો ન હોઈ અરજી રદ કરવી જોઈએ, તેમ જણાવેલું છે. સામાવાળા નં.૧ નાએ તેમના જવાબમાં વધુમાં જણાવેલ છે કે, તેઓ સામાવાળા નં.૩ સર્વ શાંતિ પ્રોપર્ટીસ પ્રા.લી.માં સુપરવાઈઝર તરીકે ફરજો બજાવે છે અને ગુજરનાર ફતેસિંગ વીરસીંગભાઈ માળી સામાવાળા નં.૩ ના ત્યાં ફરજો બજાવતાં હતા. તા.૧૩/૧૦/૨૦૦૯ ના રોજ સાંજના ૭:૦૦ વાગે ધાબા ભરાઈનું કામ ગુજરનાર કરતા હતા અને તે સમયે સામાવાળા નં.૧ પણ ત્યાં સાઈટ સુપરવાઈઝર તરીકે હતા ત્યારે ફરજ દરમ્યાન અકસ્માત થયેલો. જેથી તેમણે ગુજરનારને ૧૦૮ એમ્બ્યુલન્સ ધ્વારા સહયોગ હોસ્પીટલ, શાંતિપુરા ચોકડી, સાણંદ રોડ ખાતે દાખલ કરેલા. ત્યાંનાં ડૉકટરે સીટી સ્કેન કરાવી, રીપોર્ટ જોઈને સિવિલ હોસ્પીટલમાં દાખલ

કરવા જણાવેલું. જેથી સિવિલ હોસ્પીટલમાં ગુજરનારને દાખલ કરવામાં આવેલા, જયાં સારવાર દરમ્યાન તા.૧૭/૧૦/૨૦૦૯ ના રોજ ફતેસિંગભાઈનું અવસાન થયેલું. સામાવાળા નં.૩ નાએ તેમના કામદારો માટે કામદાર વળતર ધારાની જોગવાઈ મુજબની પોલીસી તા.૧૪/૦૭/૨૦૦૯ થી તા.૧૩/૦૭/૨૦૧૦ ના સમય માટે લીધેલ હતી અને સામાવાળા નં.૩ નાએ ગુજરનારના અવસાન બાદ વીમા કંપનીને તા.૨૮/૧૦/૨૦૦૯ ના પત્રથી જાણ કરેલ હતી અને તે પછી તા.૦૮/૦૭/૨૦૧૦ ના પત્રથી વીમા કંપનીના પત્રની સ્પષ્ટતા કરેલી. તા.૧૪/૦૭/૨૦૧૦ ના પત્રથી સામાવાળા નં.૩ નાએ અકસ્માત બાબતે યોગ્ય કરવા વિનંતી કરેલી અને વીમા કંપનીને પોલીસ પેપર્સ સામાવાળા નં.૩ નાએ પુરા પાડેલ હોવા છતાં વીમા કંપનીએ કલેઈમ સેટલ કરેલ નહી. તે સંજોગોમાં વળતર અંગેની તેમની કોઈ જવાબદારી થતી નથી. ગુજરનારનો સમાવેશ કાયદાની કલમ–૨(૧)(ડીડી) થી આપેલ એમ્પ્લોઈની વ્યાખ્યામાં થતો ન હોઈ અરજી રદ કરવી જોઈએ.

(૫) આ કામે વીમા કંપનીએ આંક–૨૧ થી લેખિત જવાબ રજુ કરી અરજદારોની અરજીની વિગતોની સત્યતાને નકારી જણાવેલ છે કે, ગુજરનાર રસ્તા ઉપર ચાલતા જતાં હતા ત્યારે ચકકર આવવાના કારણે પડી જવાથી માથામાં થયેલ ઈજાના કારણે મૃત્યુ પામેલ હતા. જેથી નોકરી દરમ્યાન અને નોકરીના કારણે અવસાન પામેલ ન હોઈ વીમા કંપનીની વળતર માટે કોઈ જવાબદારી થતી નથી. જેથી અરજી રદ કરવી જોઈએ.

(૬) આ કામે આંક–૩૮ ની અરજીના હુકમ આધારે સામાવાળા નં.૩ ને પક્ષકાર તરીકે જોડવામાં આવેલા છે. આ કામે સામાવાળા નં.૩ સર્વ શાંતિ પ્રોપર્ટીસ પ્રા.લી.નાએ અરજદાર ધ્વારા હાથ બીડા અન્વયે નોટીસની બજવણી કરવામાં આવતાં આંક–૪૮ થી લેખિત જવાબ રજુ કરી અરજદારોની અરજીની વિગતોની સત્યતાને નકારી જણાવેલ છે કે, ગુજરનાર ફતિયાભાઈ વીરસીંગભાઈ માળી તેમના ત્યાં ફરજ બજાવતાં હતા અને તા.૧૩/૧૦/૨૦૦૯ ના રોજ સાંજના ૭:૦૦ વાગે ગુજરનાર ધાબા ભરાઈનું કામ કરતા હતા ત્યારે ફરજ દરમ્યાન અકસ્માત થયેલ. જેથી ૧૦૮ એમ્બ્યુલન્સ ધ્વારા સહયોગ હોસ્પીટલ, શાંતિપુરા ચોકડી, સાણંદ રોડ ખાતે દાખલ કરેલા, જયાં ડૉકટરે સીટી સ્કેન કરાવી, તેનો રીપોર્ટ જોઈ સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવા જણાવતાં ગુજરનારને સિવિલ હોસ્પીટલમાં લઈ ગયેલા, જયાં સારવાર દરમ્યાન અવસાન થયેલું. તેઓએ તા.૧૪/૦૭/૨૦૦૯ થી તા.૧૩/૦૭/૨૦૧૦ ના સમયગાળા માટે કામદાર વળતર ધારા હેઠળ પોલીસી લીધેલી અને ગુજરનારના અકસ્માત મૃત્યુની જાણ તા.૨૮/૧૦/૨૦૦૯ ના પત્રથી વીમા કંપનીને કરેલી. તે પછી તા.૦૮/૦૭/૨૦૧૦ ના પત્રથી વીમા કંપનીને સ્પષ્ટતા કરેલી અને તા.૧૪/૦૭/૨૦૧૧ ના પત્રથી અકસ્માત બાબતે યોગ્ય કરવા જણાવેલું છતાં, વીમા કંપનીએ કલેઈમ સેટલ કરેલ ન હોઈ વળતર, વ્યાજ કે પેનલ્ટી માટે તેઓ જવાબદાર થતા નથી. ગુજરનારનો સમાવેશ કામદારની વ્યાખ્યામાં થતો ન હોઈ અરજી રદ કરવી જોઈએ.

(૭) આ કામે અરજદારો તરફે આંક–૦૩ ના લીસ્ટથી આવક જાતિનો દાખલો રજુ કરેલો છે. આંક–૨૩ ના લીસ્ટથી અરજદારો તરફે નિ.૨૩/૧ થી નિ.૨૩/૧૨ ના દસ્તાવેજો રજુ કરેલા છે, જે નીચે મુજબ છે.

ક્રમ	**દસ્તાવેજનો પ્રકાર**	**તારીખ**	**અસલ/નકલ**	**આંક**

૧	બનાવ અંગેનું પંચનામું	તા.૧૭/૧૦/૦૯	નકલ	નિ.૩/૧
૨	બનાવ અંગેનું ઈન્કવેસ્ટ પંચનામું	તા.૧૭/૧૦/૦૯	નકલ	નિ.૩/૨
૩	ગુજરનારનો પી.એમ.રીપોર્ટ	તા.૧૭/૧૦/૦૯	નકલ	નિ.૩/૩
૪	બનાવ અંગેની ટેલીફોન વર્ધી	તા.૧૭/૧૦/૦૯	નકલ	નિ.૩/૪
૫	એન.ઓ.સી.	તા.૦૬/૧૧/૦૯	નકલ	નિ.૩/૫
૬	સર્ટીફીકેટ	તા.૧૭/૧૦/૦૯	નકલ	નિ.૩/૬
૭	મરણનું પ્રમાણપત્ર	તા.૨૬/૧૦/૦૯	નકલ	નિ.૩/૭
૮	ગુજરનારનું પેઢીનામું	તા.૧૯/૧૧/૦૯	નકલ	નિ.૩/૮
૯	માવી ફતિયા વીરસીંગનું ચુંટણી કાર્ડ	તા.૦૮/૦૩/૦૭	નકલ	નિ.૩/૯
૧૦	માવી રેમાબેન ફતિયાભાઈનું ચુંટણી કાર્ડ	તા.૨૯/૦૧/૯૫	નકલ	નિ.૩/૧૦
૧૧	અરજદારોનું રેશનકાર્ડ	–	નકલ	નિ.૩/૧૧
૧૨	જાતિ અંગેનો દાખલો	તા.૨૫/૦૬/૧૧	નકલ	નિ.૩/૧૨

(૮) અરજદારો તરફે અરજદાર નં.૧ રીમાબેન ફતિયાભાઈ માવીએ આંક–૨૪ થી એફિડેવીટ પર જુબાની આપેલ છે. તેઓની ઉલટ બાદ આંક–૫૦ ની પુરસીસથી અરજદારોએ તેમના પુરાવા બંધ જાહેર કરેલા છે.

(૯) આ કામે સામાવાળા નં.૧ નાએ આંક–૫૯ થી એફિડેવીટ પર જુબાની આપેલ છે. તેઓની ઉલટ બાદ આંક–૬૧ ની પુરસીસથી સામાવાળા નં.૧ અને ૩ નાએ તેઓના પુરાવા બંધ થયેલા જાહેર કરેલા છે.

સામાવાળા નં.૨ તરફે આંક–૭૧ ની પુરસીસથી તેઓના પુરાવા બંધ જાહેર કરવામાં આવેલા છે.

(૧૦) સામાવાળા નં.૩ તરફે આંક–૪૯ ના લીસ્ટથી આંક–૬૫ થી આંક–૬૭ ના નીચે મુજબના દસ્તાવેજો રજુ કરવામાં આવેલા છે.

ક્રમ	દસ્તાવેજનો પ્રકાર	તારીખ	અસલ/નકલ	આંક
૧	સર્વ શાંતિ પ્રોપર્ટીસ પ્રા.લી.નાએ સામાવાળા નં.૨ પાસેથી લીધેલ પોલીસી	–	નકલ	આંક–૬૫
૨	સર્વ શાંતિ પ્રોપર્ટીસ પ્રા.લી.નાએ સામાવાળા નં.૨ ને ગુજરનારના કલેઈમ બાબતે લખેલ પત્ર	તા.૨૮/૧૦/૦૯	નકલ	આંક–૬૬
૩	સર્વ શાંતિ પ્રોપર્ટીસ પ્રા.લી.નાએ સામાવાળા નં.૨ નાએ તેમના તા.૦૧/૦૭/૨૦૧૦ ના પત્ર	તા.૦૮/૦૭/૧૦	નકલ	આંક–૬૭

	બાબતે કરેલ સ્પષ્ટતા અંગેનો પત્ર			

(૧૧) આંક–૫૩ ના લીસ્ટથી સામાવાળા નં.૩ નાએ આંક–૬૮ અને આંક–૬૯ ના નીચે મુજબના દસ્તાવેજો રજુ કરેલા છે.

ક્રમ	**દસ્તાવેજનો પ્રકાર**	**તારીખ**	**અસલ/નકલ**	**આંક**
૧	સર્વ શાંતિ પ્રોપર્ટીસ પ્રા.લી.નાએ સામાવાળા નં.ર ને લખેલ પત્રની નકલ	તા.૧૪/૦૭/૧૧	નકલ	આંક–૬૮
ર	સામાવાળા નં.ર નો કલેઈમ નામંજુર કરવા બાબતના ઈ–મેલની નકલ	તા.૧૮/૦૮/૧૧	નકલ	આંક–૬૯

(૧ર) સામાવાળા નં.૩ નાએ અગાઉ જણાવ્યું છે તેમ સામાવાળા નં.૧ સાથે આંક–૬૧ ની સંયુકત પુરસીસથી પોતાના પુરાવા બંધ જાહેર કરેલા છે.

(૧૩) અરજદારો તરફે આંક–૭૬ થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલી છે. જયારે સામાવાળા નં.૧ અને ૩ તરફે આંક–૭૮ થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલી છે. સામાવાળા નં.ર તરફે દલીલો માટે કોઈ હાજર ન રહેતા આંક–૭૯ હેઠળ હુકમ કરી તેમની દલીલનો હકક બંધ કરવામાં આવેલો છે.

(૧૪) દલીલો ધ્યાને લીધી. રેકર્ડ વંચાણે લીધુ. મારા નિર્ણય અર્થે મારા પુરોગામીશ્રીએ આંક–રર થી નીચે મુજબના મુદૃાઓ ઉપસ્થિત કરેલા છે.

મુદૃાઓઃ–

(૧) શું અરજદાર– ગુજરનાર સ્વ.શ્રી ફતિયાભાઈ વીરસીંગભાઈ માળીના કાયદેસરના આશ્રિત છે?

(ર) શું અરજદાર પુરવાર કરે છે કે ગુજરનાર અને સામાવાળા વચ્ચે નોકર/ માલિકનો સંબંધ હતો?

(૩) ગુજરનારનું અવસાન સામાવાળાને ત્યાં ચાલુ નોકરી દરમ્યાન અને નોકરીના કારણે અકસ્માતે ઈજાઓ થવાથી મૃત્યુ પામ્યુ છે?

(૪) અકસ્માતની તારીખે ગુજરનારનો માસીક પગાર શો હતો? તથા તેમની ઉંમર/વર્ષ કેટલા હતા?

(૫) શું અરજદારો સામાવાળા પાસેથી વળતરની રકમ મેળવવા હકકદાર થાય છે?

(૬) શું અરજદાર વળતર ઉપરાંત પેનલ્ટી, વ્યાજ, ખર્ચ સામાવાળા પાસેથી મેળવવા હકકદાર થાય છે?

(૭) આખરી શો હુકમ ?

(૧૫) ઉપરોકત મુદાઓના મારા નિર્ણય નીચે મુજબ છે

(૧) હકારમાં

(ર) હકારમાં

(૩) હકારમાં
(૪) રૂા.૪૦૦૦/–, ઉંમર ૩૫ વર્ષ
(૫) હકારમાં
(૬) આખરી હુકમમાં જણાવ્યા મુજબ
(૭) આખરી હુકમ મુજબ.

(૧૬) મારા નિર્ણયના કારણો નીચે મુજબ છે.

(એ) આ કામે પ્રથમ મુદૃો અરજદારો ગુજરનારના આશ્રિત છે કે કેમ? તે બાબતનો છે. અરજદારોએ આ અરજી અરજદાર નં.૧ ના પતિ, અરજદાર નં.ર થી ૬ ના પિતા તેમજ અરજદાર નં.૭,૮ ના પુત્ર ફતિયાભાઈ વીરસીંગભાઈ માળીના તા.૧૩/૧૦/ર૦૦૯ ના રોજ થયેલ અકસ્માત ઈજાના કારણે તા.૧૭/૧૦/ર૦૦૯ ના રોજ થયેલ અકસ્માત મૃત્યુના વળતર માટે કરેલી છે અરજદારોએ આંક–૧ ની અરજી સાથે આવક જાતિનો દાખલો અને આંક–ર૩ ના લીસ્ટથી બનાવવાળી જગ્યાનું પંચનામું, ઈન્કવેસ્ટ પંચનામું, ગુજરનારનો પી.એમ.રીપોર્ટ, લાશનો કબજો ગુજરનારના ભાઈ બદીયાભાઈ વીરસીંગભાઈ માળીને આપવા બાબતે પોલીસે આપેલ એન.ઓ.સી., મરણનું સર્ટીફિકેટ અને અરજદાર નં.૭ ના પેઢીનામાની નકલ રજુ કરેલ છે. સદર દસ્તાવેજો જોતાં, ગુજરનાર ફતિયાભાઈ અરજદાર નં.૭,૮ ના પુત્ર થતા હોવાનું, જયારે અરજદાર નં.૧ ગુજરનારના પત્ની થતા હોવાનું અને અરજદાર નં.ર થી ૬ ગુજરનારના સગીર સંતાનો થતા હોવાનું ફલિત થાય છે. અરજદાર નં.૧ નાએ આંક–ર૪ થી આપેલ જુબાનીમાં અરજીની વિગતને સોગંદ ઉપર સમર્થન આપેલ છે. તેઓની ઉલટ તપાસમાં ગુજરનાર તેમના પતિ થતા હોવાનું જણાવેલું છે. ઉલટમાં વિરૂધ્ધનો કોઈ પુરાવો કે હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી રજુ થયેલ દસ્તાવેજો અને મૌખિક પુરાવાને ઘ્યાને લેતાં અને અરજદારો સંયુકત કુટુંબમાં રહેતા હતા તેવુ નિ.ર૩/૧૧ થી રજુ થયેલ રેશનકાર્ડની ઝેરોક્ષ નકલ ઘ્યાને લેતાં ફલિત થતું હોઈ અરજદાર નં.૧ થી ૬ નો સમાવેશ કાયદાની કલમ–ર(૧)(ડી)માં દર્શાવેલ સીધા આશ્રિતની વ્યાખ્યામાં થઈ જાય છે અને અરજદાર નં.૭,૮ નો સમાવેશ ગુજરનારની આવક ઉપર અંશતઃ આશ્રિત એવા માતા–પિતામાં થઈ જાય છે. જેથી અરજદારોનો સમાવેશ આશ્રિતની વ્યાખ્યામાં થઈ જતો હોઈ મુદૃા નં.૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે. અરજદાર નં.૭,૮ ને અન્ય ૧૧ સંતાનો હતા અને અરજદાર નં.૭ ને બીજી પત્ની દલાબેન પણ હતી. તે બાબતને ઘ્યાને રાખી, વળતરની વહેંચણીનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે વહેંચણી કરવાની રહે છે. કાયદાની કલમ–ર(૧)(ડી) થી આપેલ આશ્રિતની વ્યાખ્યા નીચે મુજબ છે.

<u>Sec.2(1)(d)</u>

"dependant means" any of the following relatives of deceased employee, namely :-

i a widow, a minor legitimate or adopted son, an unmarried legitimate or adopted daughter or a widowed mother; and

ii if wholly dependant on the earnings of the employee at the time of his death, a son or a daughter who has attained the age of 18 years and who is infirm;

iii if wholly or in part dependant on the earnings of the employee at the time of his death,-

a a widower

b a parent other than a widowed mother,

c a minor illegitimate son, an unmarried illegitimate daughter or a daughter legitimate or illegitimate or adopted if married and a minor or if widowed and a minor,

d a minor brother or an unmarried sister or a widowed sister if a minor,

e a widowed daughter-in-law,

f a minor child of a pre-deceased son,

g a minor child of a pre-deceased daughter where no parent of the child is alive, or

h a paternal grandparent if no parent of the employee is alive;

Explanation : For the purposes of Subclause (ii) and items (f) and (g) of subclause (iii), references to a son, daughter or child include an adopted son, daughter or child respectively.

(બી) આ કામે બીજો અને ત્રીજો મુદ્દો એકબીજા સાથે સંકળાયેલ હોઈ તે બંનેની ચર્ચા એક સાથે કરવામાં આવે છે. અરજદારોએ આંક–૦૧ ની અરજીમાં સામાવાળા નં.૧ નારણભાઈ ધનજીભાઈ દેસાઈને ગુજરનારના માલિક તરીકે દર્શાવી વળતર અરજી દાખલ કરેલી. ત્યારબાદ આંક–૧૨ અને આંક–૩૪ ની અરજી આધારે સામાવાળા નં.૨,૩ ને પક્ષકાર તરીકે તેઓએ જોડેલા છે. સામાવાળા નં.૧ નાએ રજુ કરેલ લેખિત જવાબમાં જણાવ્યા મુજબ તેઓ સામાવાળા નં.૩ સંસ્થામાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા હતા અને ગુજરનાર ફતિયાભાઈ સામાવાળા નં.૩ ની સિધ્ધિ વિનાયક ટાવર્સ નામની સાઈટ ઉપર ધાબા ભરવાનું કામ કરતા હતા. જેઓ અકસ્માતે પડી જતાં ૧૦૮ એમ્બ્યુલન્સ તેમણે બોલાવેલ અને સહયોગ હોસ્પીટલ, શાંતિપુરા ચોકડી, સાણંદ રોડ ખાતે ગુજરનારને લઈ ગયેલા હતા, જયાંથી સિવિલ હોસ્પીટલમાં તેમને ખસેડેલા હતા. સામાવાળા નં.૧ નાએ તેઓની રજુઆતને આંક–૫૯ ની એફિડેવીટ પરની જુબાનીથી સોગંદ પર સમર્થન આપેલ છે. તેઓની સામાવાળા નં.૩ તરફે કોઈ ઉલટ કરવામાં આવેલ નથી અને સામાવાળા નં.૧ ની અરજદાર તથા સામાવાળા નં.૨ તરફે થયેલ ઉલટને ઉલટ ગણવા જણાવેલું છે. જેથી સામાવાળા નં.૩ નાએ સામાવાળા નં.૧ તેમને ત્યાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા હોવાનું પડકારેલ ન હોઈ અને ગુજરનાર સામાવાળા નં.૩ ની સાઈટ ઉપર કામ કરતા હોવાનું સ્વીકારેલ હોઈ સામાવાળા નં.૧ નો સામાવાળા નં.૩ ના કાયદાની કલમ–(૨)(૧)(એફ) થી આપેલ મેનેજીંગ એજન્ટની વ્યાખ્યામાં સમાવેશ થાય છે અને કલમ–૨(૧)(ઈ) થી એમ્પલોયરની વ્યાખ્યા ધ્યાને લેતાં,

સામાવાળા નં.૧ નો સમાવેશ માલિકની વ્યાખ્યામાં થઈ જાય છે. કાયદાની કલમ–ર(૧)(ઈ) અને કલમ–ર(૧)(એફ) નીચે મુજબ છે.

(E) "employer" Includes any body of persons whether incorporated of not and any managing agent of an employer and the legal repreeesentative of a deceased employer, and, when the services of a workman are temporarily lent of let on hire to another person by the person with whom the workman has entered into a contract of service or apprenticeship, means such other person while the workman is working for him;

(f) "Managing agent" means any person appointed or acting as the representative of another person for the purpose of carrying on such other person's trade of businesss, but does not include an individual manager subordinate to an enployer;

સામાવાળા નં.૧ ની જુબાનીને ધ્યાનમાં લેતાં અને સામાવાળા નં.૩ નાએ પણ રજુ કરેલ લેખિત જવાબ લક્ષમાં લેતાં, ગુજરનાર ફતિયાભાઈનું સામાવાળા નં.૩ ની સાઈટ સિધ્ધિ વિનાયક ટાવર્સ પર કામ કરતા દરમ્યાન થયેલ અકસ્માત ઈજાના કારણે અકસ્માત મૃત્યુ થયેલ હોવાનું સ્પષ્ટ સાબીત થતુ હોઈ મુદ્દા નં.ર,૩ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

સામાવાળા નં.૩ નાએ આંક–૪૯ થી રજુ કરેલા આંક–૬૬ અને આંક–૬૭ ના દસ્તાવેજો અને આંક–૫૩ થી રજુ કરેલા આંક–૬૮ અને આંક–૬૯ ના દસ્તાવેજો કે જે તેઓએ સામાવાળા નં.ર વીમા કંપનીને લખેલા પત્રો છે તેમાં સ્પષ્ટ રીતે ગુજરનાર ફતિયાભાઈ વીરસીંગભાઈ માળી તેમની સિધ્ધિ વિનાયક ટાવર્સ સાઈટ ઉપર કામ કરતા હતા અને તેઓને અકસ્માતે ઈજા થતાં સારવાર માટે પ્રથમ સહયોગ હોસ્પીટલમાં, ત્યાર પછી સિવિલ હોસ્પીટલમાં લઈ જવામાં આવેલા, જયાં તા.૧૭/૧૦/ર૦૦૯ ના રોજ શ્રમયોગીનું અવસાન થયેલું અને બનાવ બાબતે તેઓએ ઈશ્વરભાઈ ચાવડા, સરખેજ પોલીસ સ્ટેશનના હેડ કોન્સટેબલને મળેલા હતા અને બનાવની જાણ ટેલીફોન વર્ધીથી સરખેજ પોલીસ સ્ટેશનમાં લખવામાં આવેલી હતી તેમ જણાવેલ છે. સામાવાળા નં.૧ અને ૩ ની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે ગુજરનારનું અકસ્માત મૃત્યુ થયેલ હતુ તે બાબત આંક–ર૩ ના લીસ્ટથી રજુ થયેલ પી.એમ. રીપોર્ટ, બનાવવાળી જગ્યાનું પંચનામું અને ટેલીફોન વર્ધી(નિ.ર૩/૪) આધારે પણ સ્પષ્ટ સાબીત થતી હોઈ મુદ્દા નં.ર અને ૩ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

(સી) આ કામે ચોથો મુદ્દો અકસ્માત તારીખે ગુજરનારના માસીક વેતન અને ઉંમર બાબતનો છે. અરજદારોએ તેમની અરજીમાં રોજના રૂા.ર૫૦/– લેખે માસીક રૂા.૭૫૦૦/– ગુજરનાર મેળવતા હતા, તેમ જણાવેલું છે. પણ, અરજદાર નં.૧ નાએ તેમની ઉલટમાં તેમના પતિને સામાવાળા કેટલો પગાર ચુકવતાં, તેનો કોઈ પુરાવો રજુ કરેલ નહી હોવાનું અને તેઓએ તેમના પતિની આવક અને ઉંમરને લગતા કોઈ પુરાવા આ કામે રજુ કરેલ નહી હોવાનું સ્વીકારેલ છે. સામાવાળા નં.૧, કે જેમના હાથ નીચે ગુજરનાર કામગીરી કરતા હતા

તેઓએ પણ તેમની એફિડેવીટ ૫૨ની જુબાનીમાં સામાવાળા નં.૩ સંસ્થા ગુજરનારને કેટલું વેતન ચુકવતી હતી, તેની કોઈ વિગત જણાવેલ નથી. ઉલટ તપાસમાં તેઓએ દૈનિક રૂા.૧૪૦ થી રૂા.૧૫૦/– ગુજરનાર કામદારને દૈનિક પગાર તરીકે આપતા હતા તેમ જણાવેલ છે. પણ આ અંગે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નહી હોવાનું સ્વીકારેલું છે. સામાવાળા નં.૩ નાએ પણ આ કામે તેઓ ધ્વારા ગુજરનારને દૈનિક કે માસીક કેટલી રકમ ચુકવવામાં આવેલી હતી, તે બાબતે કોઈ પુરાવા રજુ કરેલ નથી. સામાવાળા નં.૧ ના જણાવ્યા મુજબ દૈનિક રૂા.૧૪૦/– વેતન માન્ય રાખવામાં આવે તો માસીક રૂા.૪૨૦૦/– ગુજરનારનું માસીક વેતન આવે છે. ગુજરનારનું અકસ્માત મૃત્યુ તા.૧૭/૧૦/૨૦૦૯ ના રોજ થયેલ છે. એટલે કે, તા.૧૫/૦૧/૨૦૧૦ થી કામદાર વળતર ધારામાં અમલમાં આવેલ સુધારા અને તા.૩૧/૦૫/૨૦૧૦ થી અમલમાં આવેલ વળતરની ગણતરી માટેના માસીક મહતમ વેતનની પહેલા બનાવ બનેલો છે. જેથી અકસ્માત તારીખે પ્રર્વતમાન પરિસ્થિતિ ધ્યાને લેતાં, વળતરની ગણતરી માટે તે સમયે પ્રર્વતમાન મહતમ માસીક વેતન રૂા.૪૦૦૦/–વળતરની ગણતરી માટે ધ્યાને લેવાનું રહે છે. જેથી આ કામે ગુજરનારનું માસીક વેતન રૂા.૪૦૦૦/–(અંકે રૂપિયા ચાર હજાર પુરા) વળતરની ગણતરી માટે ધ્યાને લેવાનું ઠરાવવામાં આવે છે.

અરજદારોએ તેમની અરજીમાં ગુજરનારની અકસ્માત સમયે ઉંમર ૩૫ વર્ષની હોવાનું દર્શાવેલ છે. અરજદારોએ રજુ કરેલા પી.એમ. રીપોર્ટમાં ગુજરનારની ઉંમર ૩૨ વર્ષ ચેકીને ૨૩ વર્ષ કરવામાં આવેલી છે. ઈન્કવેસ્ટ પંચનામાં પણ ગુજરનારની ઉંમર આશરે ૨૩ વર્ષ દર્શાવવામાં આવેલી છે. અરજદારો તરફે રજુ થયેલ ગુજરનારના ચુંટણી પંચના કાર્ડમાં તા.૦૧/૦૧/૨૦૦૬ ના રોજ ગુજરનારની ઉંમર ૨૯ વર્ષની દર્શાવેલી છે. જયારે તા.૧૯/૧૧/૨૦૦૯ ના રોજ કરવામાં આવેલા પેઢીનામામાં ગુજરનારની ઉંમર ૩૨ વર્ષની દર્શાવેલ છે. રજુ થયેલ નિ.૨૩/૧૧ ના રેશનકાર્ડની ઝેરોક્ષમાં ગુજરનારની ઉંમર ૩૫ વર્ષની દર્શાવેલ છે. જેથી ચુંટણી કાર્ડ, રેશનકાર્ડ, પેઢીનામું લક્ષમાં લેતાં, ઈન્કવેસ્ટ પંચનામામાં, પી.એમ.રીપોર્ટમાં જણાવવામાં આવેલ ઉંમર ખોટી દર્શાવવામાં આવેલ છે, તેવુ સ્પષ્ટ સાબીત થાય છે. અરજદારોએ સ્વયં રેશનકાર્ડમાં દર્શાવેલ ૩૫ વર્ષની ઉંમર ગુજરનારની હોવાનું તેમની અરજીમાં સ્વીકારેલ હોવાથી અને ૩૫ વર્ષથી ઓછી ઉંમર હોવા બાબતે અન્ય કોઈ વ્યાજબી, સબળ પુરાવા જેવા કે જન્મનો દાખલો, સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ વિગેરે અરજદારોએ રજુ કરેલ ન હોઈ વળતરની ગણતરી માટે ગુજરનારની ઉંમર ૩૫ વર્ષની ધ્યાને લેવાનું ઠરાવવામાં આવે છે.

(ડી) આ કામે પાંચમો મુદૃો સામાવાળાઓ પાસેથી અરજદારો વળતર મેળવવા માટે હકકદાર થાય છે કે કેમ? તે બાબતનો છે. સામાવાળાની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે ગુજરનારનું અકસ્માત મૃત્યુ થયેલ હોવાથી સામાવાળા નં.૧ અને ૩ અરજદારોને વળતરની રકમ ચુકવી આપવા માટે જવાબદાર બને છે. સામાવાળા નં.૩ નાએ સામાવાળા નં.૨ વીમા કંપની પાસેથી આંક–૬૩ થી રજુ થયેલ વીમા પોલીસી અન્વયે તા.૧૪/૦૭/૨૦૦૯ થી તા.૧૩/૦૭/૨૦૧૦ ના સમયગાળા માટે તેમના કામદારોનો વીમો અને મેડીકલ સારવારના ખર્ચની રકમ અંગેનો વીમો રૂા.૪૧,૪૦૦/–પ્રિમીયમ

ચુકવીને ઉતરાવેલ હતો તેવુ સ્પષ્ટ સાબીત થાય છે. સદર વીમો સ્લેબની કામગીરીના ૧૭૫ કામદારો, રૂટીન બાંધકામની કામગીરીના ૧૦૦ કામદારો, ૦૪ સીકયુરીટી સ્ટાફ અને સાઈટ સુપરવાઈઝ મળી ૨૮૪ કામદારો તથા ૧૦ સબ કોન્ટ્રાકટરના ૨૭૫ કામદારો, ૦૨ એન્જીનીયર અને ૦૨ સુપરવાઈઝર મળી ૨૭૯ કામદારોની કામદાર વળતર ધારા હેઠળ ઉપસ્થિત થતી જવાબદારીની ક્ષતિપૂર્તિ કરી આપવા બાબતે લેવામાં આવેલો હતો. સામાવાળા નં.૨ વીમા કંપની તરફે ગુજરનારનો સમાવેશ સદર વીમા પોલીસી અન્વયે થતો ન હતો, તે બાબતે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલો નથી. સામાવાળા નં.૩ નાએ વીમા કંપનીને લખેલા પત્રોથી સ્પષ્ટ રીતે ગુજરનાર તેમના સીધા કામદાર હતા અને તેમની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે થયેલ અકસ્માત ઈજાના કારણે ગુજરનારનું મૃત્યુ થયેલ હતુ તેમ જણાવેલું છે. વીમા કંપનીએ સામાવાળા નં.૩ ધ્વારા લેખિતમાં જાણ કરવા છતાં વળતર પેટે કોઈ રકમ અરજદારોને ચુકવી આપેલ નથી. જેથી અરજદારો સામાવાળા નં.૧ થી ૩ પાસેથી સંયુકત અને વિભકત રીતે વળતરની રકમ વસુલ મેળવવા હકકદાર બને છે.

વળતરની ગણતરી કરીએ તો, અકસ્માત સમયે વળતરની ગણતરી માટેના માસીક વેતન રૂા.૪૦૦૦/– ની ૫૦% રકમ રૂા.૨૦૦૦/– ને ગુજરનારની ઉંમર ૩૫ વર્ષ સામે કાયદાના શીડયુલ–૪ માં દર્શાવેલ સંબંધીત ગુણાંક ૧૯૭.૦૬ સાથે ગુણતાં રૂા.૩,૯૪,૧૨૦/– અકસ્માત મૃત્યુના વળતરની રકમ આવે છે, જે રકમ અરજદારો સામાવાળાઓ પાસેથી સંયુકત અને વિભકત રીતે વસુલ મેળવવા હકકદાર બને છે. કાયદાની કલમ–૪ તથા શીડયુલ–૪ ની જોગવાઈ નીચે મુજબ છે.

<u>કલમ–૪ વળતરની રકમ</u>

(૧) આ અધિનિયમની જોગવાઈઓને આધિન વળતરની રકમ નીચે પ્રમાણે રહેશે.

(એ)....

(બી)....

ખુલાસો :(૧) કલોઝ (એ) અને (બી) ના હેતુઓ માટે કામદારના સંબંધમાં સુસંગત પરિબળ એટલે વળતર લેણું થાય તે તારીખ તરત અગાઉના કામદારના છેલ્લા જન્મ દિવસે તેની ઉંમરના પુરા થતા વર્ષો જેટલા જ વર્ષોની સંખ્યા નિયત કરતાં પરિશિષ્ટ–૪ ના પ્રથમ કોલમમાં અપાયેલ નોંધ સામે તે જ પરિશિષ્ટના બીજા કોલમમાં નિર્દિષ્ટ કરાયેલ પરિબળ.

(સી)....

(ડી).....

અનુસૂચિ –૪
(જુઓ કલમ–૪)

કાયમી અશકતતા અને મૃત્યુની બાબતમાં ઉચ્ચક વળતરની ગણતરી કરવા માટેના અવયવો જે તારીખે વળતર લેણુપડે તેની તરત પહેલાં આવતી કામદારની છેલ્લી જન્મ તારીખે ઉંમરના પૂરેપુરા વર્ષ	અવયવો

(ઈ) આ કામે છઠ્ઠો મુદ્દો વ્યાજ, પેનલ્ટી અને ખર્ચ બાબતનો છે. સામાવાળા નં.૧ અને ૩ નાએ ગુજરનારનું અકસ્માત મૃત્યુ તેઓની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે થયેલ છે,

તેવી સ્પષ્ટ જાણકારી હોવા છતાં અને વિરૂધ્ધનો કોઈ બચાવ ન હોવા છતાં, વળતર પેટે કોઈ રકમ અરજદારોને ચુકવી આપેલ નથી કે કમિશનરશ્રી સમક્ષ જમા કરાવેલ નથી. જેથી સામાવાળા નં.૧ અને ૩ નાએ કાયદાની કલમ–૪–એ(૩)(એ) મુજબ ડિફોલ્ટ કરેલ હોઈ તેઓ વળતરની રકમ ઉપર અકસ્માત મૃત્યુ તારીખઃ ૧૭/૧૦/૨૦૦૯ થી વસુલ થતાં સુધીના સમયગાળાનું ૧૨% લેખે સાદુ વ્યાજ અરજદારોને ચુકવી આપવા માટે જવાબદાર બને છે. સામાવાળા નં.૧ અને ૩ નાએ અકસ્માત મૃત્યુના એક માસમાં વળતરની રકમ ન ચુકવવા માટેના કારણ તરીકે તેઓએ વીમો લીધેલ હતો અને તેઓએ વીમા કંપનીને લેખિતમાં વળતર માટે જાણ કરેલ તેમજ વીમા કંપનીએ લખેલા પત્રની સ્પષ્ટતા લેખિત જવાબ આપી કરેલ હતી. આમ તેઓએ પુરો પ્રયત્ન કરેલ હોવા છતાં વીમા કંપનીએ પૈસા ચુકવેલ ન હોઈ અરજદારોને વળતર મળી શકેલ નથી, તેમ જણાવેલું છે. સામાવાળાનો સદર બચાવ ગ્રાહય રાખવા પાત્ર થતો નથી. વીમો હોવાના કારણે વળતર માલિક ન ચુકવે તો કાયદાની કલમ–૪–એ થી વળતરની રકમ નિશ્ચિંત સમયમાં કાયમી અશકતાના કિસ્સામાં કામદારને અને મૃત્યુના કિસ્સામાં તેના આશ્રિતને મળી રહે તે સુનિશ્ચિંત કરવા બાબતની જોગવાઈનો અર્થ રહે નહી અને માત્ર કાગળ ઉપર જ જોગવાઈ રહી જાય. કાયદા હેઠળ વળતર ચુકવી આપવાની પ્રાથમિક જવાબદારી માલિકની બને છે. માલિકે તેના કામદારોનો કામદાર વળતર ધારા હેઠળ ઉપસ્થિત થતાં જોખમ અને જવાબદારીનો વીમો લીધેલ હોય તો માલિક વીમા પોલીસીની શરતોને આધીન પોતે ચુકવેલ વળતરની રકમની ક્ષતિપૂર્તિ મેળવી શકે છે. વીમા કંપની વળતર ન ચુકવે તેથી માલિક પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહી. જેથી સામાવાળા ધ્વારા કરવામાં આવેલ રજુઆત વ્યાજબી ન હોઈ સામાવાળા નં.૧ અને ૩ વળતરની રકમની ૫૦% રકમ સુધીની રકમ પેનલ્ટી તરીકે અરજદારોને ચુકવી આપવા માટે કાયદાની કલમ–૪–એ(૩)(બી) અન્વયે જવાબદાર બને છે. સામાવાળા નં.૧, સામાવાળા નં.૩ ના કર્મચારી છે. જેથી પેનલ્ટી બાબતે તેઓ વિરૂધ્ધ હુકમ કરવો વ્યાજબી જણાતું નથી. સામાવાળા નં.૩ નાએ વીમા કંપનીને પત્ર લખી વળતર ચુકવવા જણાવેલું છે. પણ ૨૦૧૧ પછી વળતરની રકમ અરજદારને મળી રહે તે માટે તેઓએ કોઈ કાર્યવાહી કરેલ નથી. કેસ ચાલતાં દરમ્યાન પણ સામાવાળા નં.૩ નાએ વળતર પેટે કોઈ રકમ અત્રેની કચેરીમાં જમા કરાવેલ નથી. જેથી વળતરની રકમની ૪૦% રકમ રૂા.૧,૫૭,૬૪૮/– (અંકે રૂપિયા એક લાખ સતાવન હજાર છસો અડતાલીસ પુરા) પેનલ્ટી તરીકે આ કામના અરજદારોને ચુકવી આપવાનો સામાવાળા નં.૩ વિરૂધ્ધ હુકમ કરવામાં આવે તો તે વ્યાજબી અને ન્યાયી ગણાશે. સામાવાળા નં.૧ નાએ રજુ કરેલ આંક–૬૩ ની વીમા પોલીસીમાં વીમા કંપનીએ કામદાર વળતર ધારા હેઠળ ઉપસ્થિત થતી વ્યાજ અને પેનલ્ટીની જવાબદારીની ક્ષતિપૂર્તિ કરી આપવાનું એકસ્ટ્રા પ્રિમીયમ લઈ સ્વીકારેલ હતુ, તેવુ ફલિત થતુ નથી. જેથી વીમા કંપની સામાવાળા નં.૩ ની કાયદા હેઠળ ઉપસ્થિત થતી વ્યાજ અને પેનલ્ટીની જવાબદારની ક્ષતિપૂર્તિ કરી આપવા માટે જવાબદાર થતી નથી. નામદાર સુપ્રિમ કોર્ટે **ન્યુ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની વિ. હર્ષદભાઈ અમૃતભાઈ મોઢીયા અને બીજાઓના** કેસમાં આપેલ ચુકાદો તેમજ **પી.જે.નારાયણ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા અને બીજાઓના** કેસમાં આપેલ ચુકાદો, જે **અનુક્રમે ૨૦૦૬(૨) ટી.એ.સી.૩૮૧ એસ.સી. અને ૨૦૦૪ એ.સી.જે.૪૫૨** ઉપર પ્રસિધ્ધ થયેલ છે તેમાં ઠરાવ્યા મુજબ કામદાર વળતર ધારા હેઠળ વળતર ચુકવી

આપવાની સ્ટેચ્યુટરી જવાબદારી માલિકના માથે છે, વીમા કંપની ઉપર નહી. જેથી વીમા કંપની વ્યાજની જવાબદારી લેવાનો ઈન્કાર કરી શકે છે. માલિક અને વીમા કંપની વચ્ચે થયેલ વીમા કરારની શરતો અને બોલીઓ આધારે બંનેની જવાબદારી નકકી થાય. આ કેસમાં રજુ થયેલ પોલીસી શીડીયુલ જોતાં, તેમાં કયાંય વ્યાજ અને પેનલ્ટીની જવાબદારીની ક્ષતિપૂર્તિ કરી આપવાનું વીમા કંપનીએ સ્વીકારેલ હોય તેવુ દર્શાવવામાં આવેલ નથી. સામાવાળા નં.૩ નાએ અસલ વીમા પોલીસી, શરતો અને બોલીઓ સાથેની રજુ કરી વીમા કંપનીએ વ્યાજ અને પેનલ્ટીની જવાબદારીની ક્ષતિપૂર્તિ કરી આપવાનું સ્વીકારેલ હતુ તેવુ દર્શાવેલ નથી. વીમા કંપનીને તેમણે ઉપરોકત જવાબદારી બાબતે અલગથી પ્રિમીયમ ચુકવેલ તેવુ પણ સામાવાળા નં.૩ નાએ દર્શાવેલ નથી. જેથી રેકર્ડ લક્ષમાં લેતાં અને નામદાર સુપ્રિમ કોર્ટના ઉપરોકત ચુકાદાઓ લક્ષમાં રાખતાં, વીમા કંપની વ્યાજ અને પેનલ્ટીની સામાવાળા નં.૩ ની જવાબદારની ક્ષતિપૂર્તિ કરી આપવા માટે જવાબદાર બનતી નથી. કાયદાની કલમ–૪–એ નીચે મુજબ છે.

<u>કલમ–૪–એ :</u>

4A Compensation to be paid when due and penalty for default.

(1) Compensation under section 4 shall be paid as soon as it falls due.

(2) In case where the employer does not accept the liability for compensation to the extent claimed, he shall be bound to make provisional payment based on the extent of liability which he accept, and, such payment shall be deposited with the commissioner or made to the [employee], as the case may be, without prejudice to the right of the [employee] to make any further claim.

(3) where any employer is in default in paying the compensation due under this act within one month from the date it fell due, the commissioner shall,

(a) direct that the employer shall, in addition to the amount of the arrears,pay simple interest thereon at the rate of twelve percent. per annum or at such higher rate not exceeding the maximum of the lending rates of any scheduled bank as may be specified by the central government, by notification in the official gazette, on the amount due ; and

(b) if in his opinion, there is no justification for the delay, direct that the employer shall, in addition to the amount of the arrears and interest thereon, pay a further sum not exceeding fifty percent of such amount by way of penalty provoded that an order for the payment of penalty

shall not be passed under clause(b) without giving a reasonable opportunity to the employer to show cause why it should not be passed.

Explanation – for the purposes of this subsection, "scheduled bank" means a bank for the time being included in the second schedule to the reserve bank of india act, 1934 (2 of 1934).

(એફ) સામાવાળા નં.૧ થી ૩ ધ્વારા વળતરની રકમ ન ચુકવવાના કારણે અરજદારોને આ અરજી કરવી પડેલ હોઈ અરજી ખર્ચના રૂા.૫૦૦૧/– (અંકે રૂપિયા પાંચ હજાર એક પુરા) અરજદારોને ચુકવી આપવા માટે સામાવાળા નં.૧ થી ૩ ને સંયુકત અને વિભકત રીતે જવાબદાર ઠરાવવામાં આવે છે.

(૧૭) જેથી કેસનું રેકર્ડ તથા કાયદાની પરિસ્થિતિ લક્ષમાં લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:: હુકમ ::–

(૧) આથી આ કામના સામાવાળા નં.૧ થી ૩ ને ગુજરનાર ફતિયાભાઈ વીરસીંગભાઈ માળીના અકસ્માત મૃત્યુના વળતરની રકમ રૂા.૩,૯૪,૧૨૦/–(અંકે રૂપિયા ત્રણ લાખ ચોરાણું હજાર એકસો વીસ પુરા) તથા ખર્ચની રકમ રૂા.૫૦૦૧/– (અંકે રૂપિયા પાંચ હજાર એક પુરા) આ કામના અરજદારોને ચુકવી આપવા માટે સંયુકત અને વિભકત રીતે જવાબદાર ઠરાવવામાં આવે છે

(૨) આથી સામાવાળા નં.૧ અને ૩ ને અકસ્માત મૃત્યુના વળતરની રકમ પર અકસ્માત ઈજા તારીખ:૧૩/૧૦/૨૦૦૯ થી વસુલ થતાં સુધીના સમયગાળાનું ૧૨% લેખે સાદુ વ્યાજ ચુકવી આપવા માટે સંયુકત અને વિભકત રીતે જવાબદાર ઠરાવવામાં આવે છે.

(૩) આથી સામાવાળા નં.૩ ને અકસ્માત મૃત્યુના વળતરની રકમની ૪૦% રકમ રૂા.૧,૫૭,૬૪૮/– (અંકે રૂપિયા એક લાખ સતાવન હજાર છસો અડતાલીસ પુરા) પેનલ્ટી તરીકે અરજદારોને ચુકવી આપવા માટે જવાબદાર ઠરાવવામાં આવે છે.

(૪) આથી સામાવાળા નં.૧ થી ૩ ને હુકમ કરવામાં આવે છે કે, આ હુકમની જાણ થયાના દિન–૩૦ માં તેઓએ અરજદારોને ચુકવવાપાત્ર થતાં વળતર,વ્યાજ, ખર્ચ અને પેનલ્ટીની રકમ અત્રેની કચેરીમાં જમા કરાવવી.

(૫) સદર હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૨૮/૦૧/૨૦૨૧
સ્થળ :દાહોદ

(દિપકકુમાર જયંતીલાલ ચૌહાણ)
જીજે૦૦૭૮૦
કમિશનર
કર્મચારી વળતર ધારો
મજુર અદાલત, દાહોદ